www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS
Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૭૦ | ૨૯ ઓગસ્ટ, ૨૦૧૮, બુધવાર; શ્રાવણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ડીએમકેના પ્રમુખપદે સ્ટાલિન

પાર્ટીની જનરલ કાઉન્સિલની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય : પાર્ટીના ખજાનચી તરીકે દુરાઈમુરુગન ચૂંટાઈ આવ્યા

ચેન્નાઇ,તા. ૨૮

સ્વર્ગસ્થ કરૂણાનિધીના પુત્ર એકે સ્ટાલિન આજે ડીએમકે પ્રમુખ તરીકે બિનહરિફ ચૂંટાઇ આવ્યા બાદ આને લઇને ચાલી રહેલી તમામ પ્રકારની અટકળોનો અંત આવ્યો હતો. આની સાથે જ તમિળનાડુના ઇતિહાસમાં હવે એક નવા યુગની શરૂઆત ડીએમકેમાં થઇ રહી છે. પાર્ટીના વરિષ્ઠ નેતા એસ દુરાઇમુરુગન પાર્ટીના ખજાનચી બની ગયા ગયા હતા. કરૂણાનિધીના અવસાનના કારણે પાર્ટી પ્રમુખની જગ્યા ખાલી થઇ હતી. વર્ષ ૧૯૬૯ બાદથી કરૂણાનિધી પાર્ટી પ્રમુખ તરીકે રહ્યા હતા. આજે પાર્ટી હેડક્વાર્ટસ ખાતે ડીએમકેની જનરલ કાઉન્સિલની બેઠક યોજાઇ હતી. જેમાં પાર્ટીના જનરલ સેક્રેટરી કે. અનબાઝગાને સ્ટાલિન પાર્ટી પ્રમુખ ચૂંટાયા હોવાની જાહેરાત કરી હતી. પાર્ટીના જનરલ સેક્રેટરીએ કહ્યું હતું કે, સ્ટાલિન તરફથી ૧૩૦૭ નોમિનેશન દાખલ કરવામાં આવ્યા હતા. સ્ટાલિન સામે કોઇએ પણ ચૂંટણી લડવાની ઇચ્છા વ્યક્ત કરી ન હતી જેના પરિણામ સ્વરુપે સ્ટાલિન બિનહરીફ પાર્ટી પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ડીએમકેના નવા પ્રમુખ બની ગયા છે. જનરલ કાઉન્સિલના સભ્યોએ આ જાહેરાતનું સ્વાગત કર્યું હતું. હેડક્વાર્ટરની બહાર એકત્રિત થયેલા પાર્ટીના સેંકડો કાર્યકરોએ

● અનુસંધાન પાન-૭ પર

એશિયન ગેમ્સમાં ૮૦૦ મીટર દોડમાં મંજીત સિંહને ગોલ્ડ મેડલ

જકાર્તા,તા.૨૮

એશિયન ગેમ્સ-૨૦૧૮માં ભારતને વધુ એક ગોલ્ડ મેડલ મળ્યો છે. ૮૦૦ મીટર દોડમાં મંજીત સિંહે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. મંજિત સિંહે ૧.૪૬.૧૫ સેકન્ડમાં રેસ પુરી કરી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ભારતના જ જિન્સન જોન્સને ૧.૪૬.૩૫ સેકન્ડમાં રેસ પુરી કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો. ભારતે અત્યાર સુધી ૯ ગોલ્ડ, ૧૮ સિલ્વર અને ૨૨ બ્રોન્ઝ સાથે ૪૯ મેડલ મેળવ્યા છે.

એશિયન ગેમ્સ-૨૦૧૮માં ભારતીય હોકી ટીમે શાનદાર લય જાળવી રાખતા શ્રીલંકા સામે ૨૦-૦થી વિજય મેળવ્યો હતો.

ભારતીય હોકી ટીમ આ એશિયન ગેમ્સમાં ૫ મેચમાં ૭૬ ગોલ ફટકારી ચૂકી છે. જ્યારે તેની સામે હરીફ ટીમે ફક્ત ત્રણ જ ગોલ કર્યા છે. ભારતે આ પહેલા દક્ષિણ કોરિયા સામે ૫-૩થી, જાપાન સામે ૮-૦થી, હોંગકોંગ સામે ૨૬-૦થી અને ઇન્ડોનેશિયા સામે ૧૭-૦થી વિજય મેળવ્યો હતો. ભારત તરફથી રુપિંદર પાલ સિંહે અત્યાર સુધી ૧૨ ગોલ ફટકાર્યા છે. ટેબલ ટેનિસમાં ભારતની મેન્સ ટીમે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. સેમિફાઇનલ મુકાબલામાં ભારતનો કોરિયા સામે ૩-૦થી પરાજય થયો હતો.

દિલ્હી-એનસીઆરમાં ભારે વરસાદ : જનજીવન ખોરવાયું

નવીદિલ્હી, તા. ૨૮

દિલ્હી અને એનસીઆરમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે આજે જનજીવન ખોરવાઈ ગયું હતું. અનેક જગ્યાઓએ પાણી ભરાઈ ગયા હતા. ઉત્તમનગર, ધોળાકુવા અને આરકેપુરમમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. ગુડગાંવના અનેક વિસ્તારોમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. પૂર્વીય અને મધ્ય દિલ્હી સહીત અનેક ભાગોમાં ભારે વરસાદ થયો હતો. પાલન વેદશાળામાં ચાર ઇંચ સુધી વરસાદ થયો છે. લોધીરોડ, સફદરજંગમાં પણ ભારે વરસાદ થયો હતો. ભારે વરસાદના લીધે દિલ્હી-જયપુર એક્સપ્રેસ વે ઉપર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદ વચ્ચે છત ધરાશાયી થતાં એક મહિલાનું મોત થયું હતું.

દિલ્હી-જયપુર હાઈવે ઉપર ત્રણ કિલોમીટર સુધી લાંબી લાઈનો લાગી હતી જેના લીધે યાત્રી વાહનો અટવાઈ પડ્યા હતા જેમાં બાળકો અને મહિલાઓ પણ હોવાનું જાણવા મળ્યું છે. હિરો હોન્ડા અન્ડરપાસ પાણી ભરાઈ જવાના કારણે બંધ કરી દેવામાં આવતા બંને બાજુએ ત્રણ કિલોમીટર લાંબી ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. સંગમ વિહાર વિસ્તારમાં પણ ભારે વરસાદ થયો હતો. ટ્રાફિક પોલીસના કહેવા મુજબ મોતીબાગ ફ્લાયઓવરની બંને બાજુએ પાણી ભરાઈ ગયા હતા. વરસાદના કારણે મોટી સંખ્યામાં વાહનો ફસાઈ ગયા હતા. બીજી બાજુ દિલ્હીમાં ભારે વરસાદ હજુ જારી રહેવાની શક્યતા છે. એનસીઆરના અન્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદ થઇ રહ્યો છે અને આ વરસાદી માહોલ હાલ અકબંધ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. દક્ષિણ દિલ્હીમાં સૌથી વધારે તકલીફ પડી હતી. કારણ કે, અહીં લોકો અટવાઈ પડ્યા હતા અને સવારમાં ઓફિસ જતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

મુખ્યમંત્રી પરિષદ - દિલ્હી ખાતે ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની મહત્વની બેઠક યોજાઈ હતી... ૨૦૧૯ની લોકસભા ચૂંટણી સંદર્ભે મહામંથન યોજાયું હતું... ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દરેક રાજ્યોના વિકાસની ગતિવિધિ જાણી હતી અને હજુ વધુ ગતિશીલ બનવા તાકીદ કરી હતી... આ ઉપરાંત રાજ્યોની વિકાસકામગીરીને પ્રજા સુધી પહોંચડવા સૂચન કર્યું હતું.

Vશાલ
SUPER MARKET
અપના બજાર બિલ્ડીંગ, સેક્ટર-૬/એ, ગાંધીનગર
Mo. 98242 77883, Phone : 23247883
૫-૮ શિવાલય રેસીડેન્સી, કુડાસણ ગાંધીનગર
Mo. 9376277883

આઈટમનું નામ	ફાયદો
અમૂલ-સાગર-મધુર - પતંજલી - ગોવર્ધન ઘી ૧ લીટર, ૨ લીટર, ૫ લીટર	રૂ. ૩૨ લીટરે
પીલ્સબરી-ઉત્તમ-ગોલ્ડન હાર્વેસ્ટ, પતંજલી આટા - પાંચ કિલો	રૂ. ૨૫
મધુર ખાંડ ૫ કિલો (૨૯૫-૨૧૮)	રૂ. ૭૭
સર્ફ એક્સલ મેટીક ૨ કિલો - ફ્રન્ટ લોડ	રૂ. ૧૫૦
સર્ફ એક્સલ મેટીક ૨ કિલો - ટોપ લોડ	રૂ. ૧૨૦
રામદેવ-કિચન એક્સપ્રેસ - મરચુ - હળદર ૧ કિલો, અમૂલ પ્રો. ૫૦૦ ગ્રામ, ટાટા અગ્ની ચા-૧ કિલો, લિજ્જત પાપડ-૧ કિલો, લોટે ચોકોપાઈ ૧૨ પેક	રૂ. ૨૫
● કિસાન કેચઅપ ૯૫૦ ગ્રામ પાઉચ (૧૨૫-૯૯) ● લોટેચોકોપાઈ-૧૨ પેક	રૂ. ૨૬
બધા જ શેમ્પુ - ૬૦૦ Ml +	રૂ. ૧૫૦
બધા જ ગીટ્સ - ઉત્તમ, તલોદ ઈન્સટન્ટ, એવરેસ્ટ, રામદેવ, બાદશાહ, સુહાના, રસોઈ મેજીક,પતંજલી દંતકાંતિ-૧૦૦-૨૦૦ગ્રામ પાંચ તારા - રાજગરો, મોરૈયા, સાબુદાણા, જીપ ફ્રેશ બેગ, વોલ્કર ફીનાઈલ વ્હાઈટ-૯૦૦ મીલી. ક્લોઝઅપ - ૧૫૦ ગ્રામ	૧૦ %
વાઘબકરી - નવચેતન - મીલી - રેડલેબલ જીવરાજ ૯ નં. તાજા - સી-સોમાભાઈ ચા - ૧ કિલો	રૂ. ૧૮
સ્ટે ફ્રી - ૨૮ પેડ ડ્રાય મેક્સ (૩૩૦ - ૧૮૦)	રૂ. ૧૫૦
પારલે-જી બિસ્કીટ ૮૦૦ ગ્રામ (૬૦-૫૧)	રૂ. ૯
એરીયલ-ટોપલોડ-ફ્રન્ટલોડ-મેટીક પાવડર-૨ કિલો/ ૪+૨ કિલો	રૂ. ૭૦
સફોલા ગોલ્ડ ૫ લિટર + ૧ લિટર ફ્રી (૭૯૯-૭૪૯)	રૂ. ૫૦
પેન્ટીન નરીસીંગ સ્ટ્રેટનીંગ શેમ્પ - ૩૬૦ મીલી.	રૂ. ૩૨
બધા જ કમ્ફર્ટ વોશ-૮૬૦ મીલી, કોલગેટ-૨૦૦+૧૦૦ ગ્રામ ડવ સાબુ - ૧૦૦ ગ્રામ X ૩, પીયર્સ-૧૨૫ X ૩, સર્ફ એકલેસ -૧.૦૨ લીટર, ગોદરેજ ઈઝી-૧ કિલો હાર્પીક - ૧ કિલો ● બધા જ હેર ઓઈલ ૫૦૦ મીલી+	રૂ. ૧૦
બોર્નવીટા-૧ કિલો ● વીમ્ડ્રોપ ૧.૮ લીટર	રૂ. ૬૦

બાય ૧ ગેટ ૧ ફ્રી

નિલોન્સ અથાણા ૫૦૦ ગ્રામ ● નિલોન્સ ગુલાબજાંબુ-૨૦૦ ગ્રામ ● અન્નપૂર્ણા હિંગ-૧૧૧ ● ડ્યુક્સ વેફ્રી રોલ-૨૫૦ ગ્રામ ● મેન્ગોશીપ-૧.૨ લીટર ● ફ્રેશવેપ એલ્યુમિનિયમ ફોઈલ-૬૦ ગ્રામ (MRP-70) ● ચીન્ટુસ હક્કા નુડલ્સ-૨૦૦ ગ્રામ ● વાઈ વાઈ હક્કા નુડલ્સ-૧૮૦ ગ્રામ ● હીપોલીન કેક-૧૫૦ ગ્રામ X ૬ ● પીકવીક વેફર બિસ્કીટ-૭૫ ગ્રામ ● ગાલા સ્કબર MRP-30 ● ક્વિક ક્લિન સ્કબર - MRP-15 ● ગોદરેજ જેન્ટલ લિક્વિડ - ૧ કિલો ● ડીસાનો ઓલીવ ઓઈલ ● રીઝન્ટ પાસ્તા-૨૦૦ ગ્રામ ● જોલન શેમ્પુ

● અંગુર તુવેરદાળ તેલવાળી ૫ કિલો - ૩૮૫/-
● ફોરચ્યુન સન ફ્લાવર ૧૫ લિટર ટીન - ૧૩૪૫/-
● ગોળ કોલ્હાપુરી સીલ્વર બ્રાન્ડ લુઝ ૧ કિલો - ૬૪/-
● આશીર્વાદ આટા-૫ કિલો - ૧૫૫/-
● અંકુર સીંગતેલ - ૧૫ લીટર - ૧૪૫૦/-
● અંકુર કપાસીયા - ૧૫ લીટર - ૧૩૪૦/-

નોંધ : તમામ ઓફર સ્ટોક હશે ત્યાં સુધી જ ઉપલબ્ધ / સ્કીમ ફેરફાર કંપનીને આધીન

નીચેની વસ્તુઓ રાહત સામગ્રી તરીકે આપો.
નો કેશ, માત્ર સામગ્રી.
#GUJARATSTANDSWITHKERALA

કેરળમાં આવેલ વિનાશક પૂરમાં
મદદ કરો
નીચેના સ્થળે આવો અને યથાશક્તિ મદદ નોંધાવો
AhmedabadMirrro
ના
રાહત સામાન એકત્રીકરણ કેન્દ્ર
ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન
ખ-રોડ સેક્ટર-૧૫,ગાંધીનગર-૧૬
સંપર્ક : હિરલ જાની (9978446841)

LIST OF ITEMS REQUIRED ARE AS FOLLOWS:

● Chilli and coriander powder	2000 kg
● Green gram	500 kg
● Bath soap	10000 pieces
● Washing soap	10000 pieces
● Bleaching powder	500 kg
● Utensil	10000 pieces
● Women's undergarments	7500 pieces
● Men undergarments	5000 pieces
● School bags	5000 pieces
● Bermudas for kids (age 5 to 10)	5000 pieces
● Revdi, sing – chana	5000 sealed packets
● Chocolates	5000 packets
● Slipper(6 to 10 size)	2000 pairs

Please Note :
1. No cash donation
2. Do not donate sanitary napkins.
3. Do not donate used items please.
4. Ideal time for donation : 10 am to 6 pm

Kalpesh Astro Services
Kalpesh Upadhyay
Jyotir- Gyata, Jyotir Bhusan(HNGU)
Astrology | Numerology | Match Making | Vastu Consultant
Your Life Need Positive Changes.....
સમય ને પરખો તક ને ઝડપો
Scientific Solutions
Just Call and Hear from our Side
kalpeshastrologer | kalpeshastro.com | Kalpesh Upadhyay
+91 88666 50725
kalpeshupadhyay41@yahoo.in
321, Akshar Arcade, Opp Memnagar Fire Station Navrangpura Ahmedabad

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય